# કાલે રામનવમી : ભગવાન રામનો જન્મોત્સવ

## શહેરમાં ઉજવાશે મર્યાદા પુરુષોત્તમશ્રી રામચંદ્રજીના જન્મોત્સવનો પવિત્ર દિવસ : મંદિરોમાં રામનામની ધુન ગુંજી ઉઠશે

ગાંધીનગર, તા. ૨૮

આસ્થા અને ધાર્મિક દ્રષ્ટિએ હિંદૂ ધર્મમાં રામ નવમીનું વિશેષ મહત્વ છે. ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ ગણાય છે, જ્યારે શ્રી કૃષ્ણચંદ્રજી પૂર્ણ પુરુષોત્તમ ગણાય છે. શ્રીરામનો જન્મ ચૈત્ર સુદ નવમીના રોજ થયો હતો તેથી રામનવમીનું માહાત્મ્ય અનેરું, અનોખું અને અદ્વિતીય છે. રામ નવમી એટલે ભગવાન શ્રીરામના પ્રાદુર્ભાવનો પવિત્ર દિવસ.

હિંદુ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જયારે સમાજમાં સત?ય ઉપર અસત?ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ?કૃતિ ઉપર દૈત?ય શકિતઓ હાવી થવા લાગી ત?યારે શ્રી રામે તેમનો નાશ કરવા માટે જન?મ લીધો. તે સમય હતો બપોરના બાર વાગ?યાનો અને તીથિ હતી ચૈત્ર સુદ નવમી. શ્રી રામના આ જન?મ દિવસને ઉત્તર થી દક્ષિ?ણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામનવમી તરીકે આજે પણ ધામધુમથી ઉજવે છે. આ રામનવમી માત્ર શ્રી રામના જીવનની જ નહી પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ?યકિતએ પિતા, માતા, ગુરુ, પત્નિ, નાના ભાઈ ભાડું પ્રત?યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત?યેની ફરજો નિષ?ઠાપૂર્વક બજાવવા સાથે એક મર્યાદા પુરુષોત?તમ તરીકેનું, એક પૂર્ણ પુરુષનું, જીવન વ?યતિત કર્યુ.

આ દિવસ ઘણી જગ્યાએ રામકથાના પઠન-પાઠન દ્વારા



ઉજવાય છે. ભારતીય પરંપરા દ્વારા રામાયણ અને મહાભારતને ઈતિહાસ? માનવામાં આવે છે. લોકો રામમંદિરોમાં પૂજન-અર્ચન, દર્શનાર્થે જાય છે. અથવા ઘરમાં પૂજા-અર્ચના પણ કરે છે. રામની બાલમૂર્તિની સેવા-પૂજા તથા પારણાનાં દર્શન પણ કરાય છે. ઘણાં લોકો આ દિવસ વ્રત-ઉપવાસ પણ કરે છે. રામ નવમી વ્રતના પ્રારંભે ભાવિક ભક્તો, ઉપાષકો, આરાધકો અને રામાયણના પ્રખર અભ્યાસીઓ શ્રીરામ નામ જપ, રામ નામની માળા, રામ નામનું લેખન, રામનું ભજન-કીર્તન, રામચરિત માનસ – રામાયણનું વાચન, રામ પંચાયતન (રામ, લક્ષ્મણ, સીતા, ભરતજી, શત્રુઘ્ન અને હનુમાનજી) નું અર્ચન-પૂજન, ધૂપ-દીપ અને નૈવેદ્ય સમર્પણ વ્રત ચૈત્ર સુદ નોમના ભક્તિભાવથી કરે છે.

### શહેરમાં રામનવમીની તડામાર તૈયારીઓ:

રામનવમી નિમિત્તે શહેર માં ઘણી જગ્યાએ રામ નવમી ની ઉજવણી કરવામાં આવશે.પંચદેવ મંદિર સહિત મંદિરો માં આ પાવન પર્વ ની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. શહેર આખુંય રામ નામ ના નાદ થી ગુંજી ઉઠશે.સવારથી ભક્તો નું ઘોડાપૂર ઉમટેલું રહેશે.ઉપવાસ નો મહિમા હોવાથી બજારોમાં પર્વ નો માહોલ જણાશે.

ભગવાન શ્રી રામ ચંદ્ર નું વ્યક્તિત્વ મર્યાદા અને અનુશાસન પૂર્ણ હતું તેમને મર્યાદા માં રહીને જીવન ની બધી જ જવાબદારી સારી રીતે નિભાવી હતી એમના જીવન માંથી અપણે શીખવું જોઈએ કે મર્યાદા અને અનુશાસન માં રહીને સારા માણસ જરૂર બની શકાય છે

### રામજન્મની કથા

પૌરાણિક કથા અનુસાર ભગવાન શ્રીરામ અને તેમના ત્રણ ભાઈના જન્મ પાછળ એક કથા છે. રાજા દશરથને પુત્રપ્રાપ્તિ થઈ નહીં તેથી તેમણે પુત્રેષ્ઠિ યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞના પ્રસાદ તરીકે ઉત્પન્ન થયેલી ખીર તેમણે ત્રણેય રાણીઓને પ્રસાદ તરીકે આપી.


રાણીઓએ ખીર આરોગ અને થોડા દિવસો પછી રાજા દશરથને સારા સમાચાર પ્રાપ્ત થયા. ત્યારબાદ ત્રણેય રાણીઓએ ચાર રાજકુમારને જન્મ આપ્યો. જેમાં કૌશલ્યાએ શ્રીરામ, કૈકયીએ ભરત અને સુમિત્રાએ લક્ષ્મણ અને શત્રુઘ્નને જન્મ આપ્યો. ત્યારથી આ તિથિને રામનવમી તરીકે ઉજવવામાં આવે છે.




મધુર ડેરી દ્વારા વિવિધ સેકટરોમાં કન્ટેનરો મુકવામાં આવી રહ્યા છે. જ્યાં મધુરની વિવિધ પ્રોડક્ટ મુકવામાં આવશે. જો કે આ મામલે વિવાદ પણ ચાલી રહ્યો છે. સેક્ટર-૬ પોલીસ ચોકીની સામે મધુર ડેરીનુ કન્ટેનર મુકવામાં આવતા વસાહતીઓમાં ચર્ચા જાગી હતી.

# સરગાસણ ટીપી-૯માં ગુડાનો ખાલી પ્લોટ બિલ્ડરો માટે બન્યો ડમ્પિંગ સાઈટ

## ચોતરફ રહેણાંક સ્કિમોથી ઘેરાયેલા ગુડાના પ્લોટમાં બાંધકામનો કચરો ઠલવાઈ રહ્યો છે : ગંદકીના સામ્રાજ્યને કારણે રોગચાળો ફેલાવાની દહેશત : બિલ્ડરોની પ્રવૃતિઓ પ્રત્યે તંત્રના "આંખ આડા કાન'થી જનતામાં રોષની લાગણી



ગાંધીનગર,તા.૨૮

ન્યુ ગાંધીનગરનો વિકસિત વિસ્તાર સરગાસણ ટીપી-૯ છેલ્લાં કેટલાંક સમયથી રહેણાંક માટે લોકપ્રિય બની રહ્યો છે જેમાં હાલ અનેક નવી રહેણાંક બહુમાળી ઈમારતો પણ બની રહી છે. આ વિસ્તારમાં સરકાર હસ્તકના ખાલી પ્લોટ્સ પણ આવેલા છે જે પૈકી પ્રમુખ ઓરા સોસાયટીની પાસેનો ગુડાના ખાલી પ્લોટ નં. એસએફઆર ૧૬૦માં આસપાસમાં વિકસી રહેલી નવી બહુમાળી ઈમારતના બિલ્ડરો કચરો ઠાલવી ગંદકી ફેલાવી રહ્યા છે જેથી ચોતરફ રહેતા અન્ય રહેવાસીઓ ત્રાહિમામ પોકારી ગયા ઉઠ્યા છે.

બિલ્ડરો દ્વારા ડમ્પિંગ સાઈટ બનાવી દેવાયેલાં આ પ્લોટમાં ફેલાયેલી ગંદકીના કારણે રોગચાળો ફેલાવાની દહેશત વચ્ચે આ વિસ્તારના નાગરિકોમાં કચરો ઠાલવતાં બિલ્ડરો સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

જોકે કયા કારણથી બિલ્ડરોની આ પ્રવૃતિઓ અંગે તંત્ર દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યાં છે તે અંગે વસાહતીઓમાં તર્કવિતર્ક પણ ચાલી રહ્યાં છે જેમાં કેટલાંકના મતે અધિકારીઓ અને બિલ્ડરો વચ્ચે તો કેટલાંકના મતે સ્થાનિક સત્તાધીશો અને બિલ્ડરો વચ્ચે સાંઠગાંઠ હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે.

સરગાસણ ચાર રસ્તા નજીક ટીપી-૯ મધ્યે આવેલા ગુડાનો અતિ કિંમતી અને સૌથી મોટો પ્લોટ નંબર એસએફઆર ૧૬૦ હાલ બિલ્ડરો માટે ડમ્પિંગ સાઈટ બની ગયો છે. આ પ્લોટને અડીને જ વિકસી રહેલી એક રહેણાંક બહુમાળી ઈમારતના બિલ્ડર અને નજીકના અન્ય બિલ્ડરો દ્વારા ટ્રેકટરો ભરીને તેમની ઈમારતના નિર્માણ કાર્યમાંથી નીકળેલ બાંધકામનો કચરો અને ગંદુ પાણી આ પ્લોટમાં ઠાલવી રહ્યાં છે જેથી રળિયામણો લાગતો આ પ્લોટ અત્યંત કદરૂપો બની ગયો છે. પ્રમુખ ઓરા સોસાયટીની પાસે તેમજ પ્રમુખ પેસિફિક, શ્રી શરણમ્ સોસાયટી પ્રમુખ, બ્રિજ પૃથ્વી હોમ્સ, દેવનંદન સમિટ અને આદિત્ય-૧૮ સોસાયટીની વચ્ચોવચ આવેલો આ પ્લોટમાં આ વિસ્તારના બાળકો માટે રમતગમત રમી આનંદ મેળવવાનું સ્થળ છે પરંતુ બિલ્ડરોની અહીં કચરો ઠાલવવાની પ્રવૃત્તિથી તેમનો આનંદ પણ છીનવાઈ રહ્યો છે જેના કારણે નજીકની સોસાયટીઓના રહીશોમાં આક્રોશ ફેલાયો છે. આ અંગે ટીપી-૯ વિસ્તારમાં સામાજિક, ધાર્મિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરતા પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી હિંમતભાઈ પટેલે જણાવ્યું હતું કે "ગુડાના ખાલી પ્લોટમાં ગેરકાયદેસર રીતે કચરો ઠાલવવાની પ્રવૃત્તિ અંગે તંત્રમાં લેખિતમાં અનેક રજૂઆતો કરવામાં આવી છે. આ સાથે પ્લોટના વિકાસ માટે અમોએ પ્રયાસ કર્યા છે પરંતુ તંત્ર તરફથી કોઈ પ્રત્યુતર મળવા પામ્યો નથી. અત્રે ગંદકી ફેલાવતા આવા બિલ્ડરો વિરુદ્ધ કાર્યવાહી કરવી જરૂરી છે."

# બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતાં વાલીઓને રાહત

## છેલ્લા કેટલાય દિવસોથી ચાલી રહેલી ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ : વિદ્યાર્થીઓ અને વાલીઓના ટેન્શન ઘટ્યા

ગાંધીનગર, તા. ૨૮

ધો. ૧૦ અને ધો. ૧૨ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ ચૂકી છે. છેલ્લા કેટલાય દિવસોથી પરીક્ષાની તૈયારીમાં લાગેલા વિદ્યાર્થીઓ રીલેક્સ ફીલ કરી રહ્યા છે. જયારે વાલીઓ ખાસ કરીને મમ્મીઓ ખુબ જ રાહત અનુભવી રહી છે.

માર્ચ મહિનો એટલે પરીક્ષાઓનો મહિનો. ખાસ કરીને આ મહિનામાં ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાઓ યોજાતી હોઈ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ખુબ જ તાણ અનુભવે છે. આ વર્ષે બોર્ડની પરીક્ષાઓ ૧૪મી માર્ચે શરૂ થઈ હતી. ધો. ૧૦ની પરીક્ષા સવારે અને ધો. ૧૨ની પરીક્ષાઓ બપોરે યોજાઈ હતી. બોર્ડમાં આવેલા વિદ્યાર્થીઓએ કોરોનાનો સમયગાળો અનુભવ્યો હોઈ અને માસ પ્રમોશન મેળવ્યા હોઈ બોર્ડની પરીક્ષા બાબતે ટેન્શન અનુભવી રહ્યા હતા. જો કે આ બધી બાબતોને ધ્યાને રાખીને આ વર્ષે બોર્ડે મોટાભાગના પેપર સહેલા કાઢ્યા હતા. એકાદ-બે પેપરને બાદ કરતા તમામ પેપર એકદમ સહેલા નીકળતા વિદ્યાર્થીઓએ હળવાશ અનુભવી હતી. બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે સારી સુવિધા કરવામાં આવી હોવાથી એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાઈ હતી. લગભગ ૧૫ દિવસના ગાળામાં બે-ત્રણ રજાઓની રાહત વચ્ચે પરીક્ષાઓ આખરે પૂર્ણ થઈ છે. વિદ્યાર્થીઓ અને ખાસ કરીને મમ્મીઓનું ટેન્શન દૂર થઈ ગયુ છે. ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ જો કે હજુ ગુજકેટ સહિતની પ્રવેશ પરીક્ષાઓની તૈયારીમાં જોતરાશે.



નવા સચિવાલયમાં બ્લોક નં. ૧૩ પાસે છેલ્લા કેટલાક સમયથી પાણીની પાઈપલાઈન લીકેજ થઈ રહી છે. જેના કારણે અહીં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાયા છે. સતત પાણી ભરાઈ રહેતા અહીં મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો છે.

# વાવોલમાં દબાણ હટાવવા પહોંચેલી ટીમને પરત ફરવું પડ્યું

## ગામના અગ્રણીઓએ મેયર સમક્ષ રજુઆત કરતાં દબાણ હટાવવાની કામગીરીને મુલત્વી રખાઇ : દબાણ હટાવવાના લિસ્ટમાં વ્હાલાં દવલાંની નીતિનો આરોપ

ગાંધીનગર, તા.૨૮

વાવોલ ખાતે રેલવે ફાટકથી મહાકાળી માતાના મંદિર થઈને એમ બી પટેલ હાઈસ્કુલ તરફ જતા માર્ગને ફોરલેન કરવામાં કરવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે જેમાં રસ્તામાં આવતા વર્ષો જૂના દબાણોને હટાવવા માટે અગાઉથી નોટિસો આપવામાં આવી હતી જેને અનુલક્ષીને આજે દબાણ તંત્રની ટીમ વાવોલ ખાતે દબાણ હટાવવા પહોંચી હતી. જોકે વાવોલ ગામના નાગરિકો અને અગ્રણીઓ દ્વારા આ કામગીરી બાબતે વિરોધ કરીને દબાણ તંત્રને અટકાવ્યું હતું અને અગ્રણીઓ દ્વારા મહાનગરપાલિકા ખાતે મેયર હિતેશભાઈ મકવાણા સાથે બેઠક યોજી દબાણની હટાવવાની કાર્યવાહી અટકાવવા રજૂઆત કરી હતી જેને અનુલક્ષીને હાલ તુરંત દબાણ હટાવવાની કામગીરી અટકાવી દેવામાં આવતા દબાણ તંત્રની ટીમ પરત ફરી હતી.

વાવોલના અગ્રણી કચરાજી ગોલના જણાવ્યાં અનુસાર "આજે સવારે દબાણ તંત્રની ટીમ મોટા ઉપાડે દબાણ હટાવવા આવી પહોંચી હતી જેનો ગ્રામજનો વિરોધ કર્યો હતો. દબાણ તંત્ર ની ટીમ દ્વારા જે દબાણ હટાવવા કાર્યવાહી કરવાની હતી તેમાં પણ વહાલા દવલાંની નીતિ અપનાવાઈ હતી અને બીજી તરફ વર્ષો જૂના ગરીબ ખેડૂતોના મકાનો અંગે ખેડૂતોને ખોટી રીતે નોટિસ ફટકરવામાં આવી છે. અમે દબાણ તંત્રની દબાણ હટાવવાની કાર્યવાહીને રોકીને ગામના અગ્રણીઓ દ્વારા મહાનગરપાલિકાના મેયર તેમજ ભાજપના અગ્રણી કેતનભાઈ પટેલને સમગ્ર મામલાની રજૂઆત કરવામાં આવી હતી ગામજનોની રજૂઆત યોગ્ય જણાતા મેયરે તુરંત જ દબાણ હટાવવાની કાર્યવાહી અટકાવવા મ્યુનિસિપલ કમિશનરને સૂચના આપી હતી." અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલમાં દબાણ હટાવવાની કામગીરીને રોકવા અંગે મેયર સમક્ષ રજૂઆત કરવા માટે સ્થાનિક અગ્રણી કચરાજી ગોલ, સહિત કોર્પોરેટર શૈલેષભાઈ પટેલ અને દિનેશ ઠાકોર, જીગર પટેલ, મનસુખ પ્રજાપતિ, યુવરાજસિંહ, રાજદીપસિંહ ગોલ વગેરે સહિત ગામના અન્ય અગ્રણીઓ મહાનગરપાલિકા પહોંચ્યા હતા. તેમની રજૂઆતની પગલે દબાણ હટાવવાની દબાણ તંત્રની કાર્યવાહીને હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી હતી જેના કારણે દબાણ તંત્રની ટીમને વીલા મોઢે પરત ફરવું પડ્યું હતું.

# નાંદોલ ગામમાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે ૩૦ પ્રજ્ઞાચક્ષુ દિકરીઓને ભોજન



ગાંધીનગર, તા.૨૮

આદ્યશક્તિની આરાધનાનો પવિત્ર પર્વ ચૈત્રી નવરાત્રીનો શુભ અવસર ચાલી રહ્યો છે ત્યારે આવા ધાર્મિક દિવસોમાં ગાંધીનગર જીલ્લાનાં દહેગામ તાલુકાના નાંદોલ ગામના દવે પરિવાર તરફથી તાજેતરમાં અમદાવાદના બાપુનગર ખાતે આવેલ અંધ પરિવાર સેવા સંસ્થાની ૩૦ પ્રજ્ઞાચક્ષુ દિકરીઓને કુમકુમ તિલક કરી ભોજન કરાવ્યું હતું. આ પ્રસંગે દવે પરિવારના સર્વ કુટુંબીજનો જેમાં જીગ્નેશભાઈ દવે, મૌલિકભાઈ જાની, પુનિતભાઈ આચાર્ય, પરાગભાઈ અને બેલાબેન દવે, ધવલભાઈ અને અમીબેન દવે, જીતેશભાઈ અને ખ્યાતિબેન દવે, કિર્તીભાઈ અને બેલાબેન દવે તેમજ કુટુંબના વડીલોમાં જગદીશચંદ્ર શિવપ્રસાદ દવે, જયશ્રીબેન રાજેન્દ્રભાઈ દવે સહીત પરિવારનાં સૌ ઉપસ્થિત રહ્યા હતા.

# મધ્યમવર્ગને મોંઘવારીનો વધુ તમાચો : દવા મોઘીં થઈ

ગાંધીનગર, તા. ૨૮

મધ્યમવર્ગીય પરિવારો માટે વધુ એક આઘાતજનક સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. મોંઘવારીના માર વચ્ચે હવે જીવન આવશ્યક દવાઓના ભાવોમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

આગામી ૧લી એપ્રિલથી લગભગ ૯૦૦ જેટલી દવાઓના ભાવો વધશે. જીવન જરૂરી દવાઓ ખરીદવા હવે વધુ રૂપિયા ખર્ચવા પડી શકે છે. ૧લી એપ્રિલથી પેઈન કિલર્સ અને એન્ટીબાયોટીક સહિતની ઘણી આવશ્યક દવાઓના ભાવોમાં વધારો થવા જઈ રહ્યો છે. સરકારે વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ફેરફારને અનુરૂપ ફાર્માસ્યુટિકલ કંપનીઓને ભાવ વધારવાની મંજૂરી આપવા માટે તૈયારી કરી લીધી છે. સરકાર દ્વારા સૂચિત વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં વાર્ષિક ફેરફારથી ભાવોમાં ૧૨ ટકાથી વધુનો વધારો થઈ શકે છે. છેલ્લા કેટલાય સમયથી મોંઘવારી વધી રહી છે ત્યારે દવા કંપનીઓએ ભાવો વધારવાની માંગ કરી છે. પેઈનકિલર, એન્ટી ઈન્ફેક્ટીવ્સ, એન્ટીબાયોટીક્સ અને હૃદયની દવાઓ સહિત લગભગ ૯૦૦ દવાઓની કિંમતમાં ૧૨ ટકાથી વધુનો વધારો થઈ શકે છે. આ સતત બીજુ વર્ષ છે જ્યારે નોન શિડ્યુલ્ડ દવાઓની કિંમતોમાં વધારો થયો છે.